ગાંધીનગર સમાચાર



# આજે ગાંધીનગર શહેર-જિલ્લામાં ૯૭ કાર્યક્રમોમાં પાંચ મંત્રીઓ

ગાંધીનગર, તા. ૬

આજે ગાંધીનગર શહેર અને જિલ્લામાં રાજ્યમંત્રી મંડળના સિનીયર મંત્રીઓના કાર્યક્રમોની વણઝારને લઈ તંત્રની દોડધામ પણ તીવ્ર બની છે.

સવારે ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી હાજર રહેનાર છે.

તો મહિલા સંમેલન જે મનપા દ્વારા યોજવામાં આવ્યુ છે તેમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી આત્મારામભાઈ પરમાર અને મહિલા બાળ કલ્યાણના રાજ્યમંત્રી તેમજ જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી હાજર રહેનાર છે.

સે. ૨૭માં યોજાયેલ મનપાના સેવાસેતુ કાર્યક્રમમાં પણ જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ અને કાઉન્સીલરો હાજર રહેનાર છે.

સે. ૩૦માં રૂ. ૮૬ કરોડના ખર્ચે બી-૧ કક્ષાના બહુમાળી મકાનોના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો છે. જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ હાજર રહેનાર છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આદરજ મોટી ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં હાજરી આપી ગાંધીનગરમાં ભૂમિપૂજન વિધિ પતાવી દહેગામ નગરપાલિકાના સેવાસેતુ કાર્યક્રમમાં હાજરી આપવા જનાર છે.

આમ એક જ દિવસમાં ગાંધીનગરમાં પાંચ મંત્રીઓના અર્ધો ઝડનથી પણ વધુ કાર્યક્રમો હોવાથી આજથી જ તંત્રના અધિકારીઓની દોડધામ વધી જવા પામી છે.





ચૈતરના વાયરા - પાટનગર ગાંધીનગરમાં ચૈત્ર-વૈશાખમાં આંધી ન ચડે તો નવાઈ લાગે... ચૈત્ર મધ્યાહ્ને પહોંચી રહ્યો છે ત્યારે તેજ પવન જાણે કે, આંધીના અણસાર લઈને આવતો હોય એમ અનુભવાતું હતું... વૃક્ષો અને ખુલ્લી જમીનના વ્યાપક પ્રમાણથી પવનને સ્વાભાવિક જ ગતિ મળે છે... અને આજ-કાલ તો પાનખરના પ્રભાવથી ધરતી પર પથરાયેલ પીળા પાન પવનના સહારે માર્ગો પર જાણે કે હડીયાપટ્ટી કરતા હોય એવા દ્રશ્યો જોવા મળે છે...

# આજે સિવિલ હોસ્પિટલમાં ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન સેન્ટર શરૂ થશે

## રાજ્યના મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી ૩૦ બાળકોની સારવારનો આરંભ કરાવી સેન્ટરનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન પોઈંટનો પ્રારંભ કરાવશે.

આ સેન્ટર ચાલુ થતાં ક્ષતિ સાથે જન્મેલા બાળકોને સમયસરની સારવાર મળી જતાં તે બાળકોના પુનઃ સ્થાપનનો માર્ગ સરળ બનશે.

રાજ્ય સરકારે રાજ્યના અંદાજપત્રમાં આરોગ્ય વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં આ મહત્વની જાહેરાત કરી હતી. આજે શિશ્વ આરોગ્ય દિવસની

● અનુસંધાન પાન-૫ પર

# વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીના ધમધમાટ વચ્ચે ઈનસર્વીસ ડૉક્ટર્સની માસ સીએલ

ગાંધીનગર, તા. ૬

આજે એક તરફ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીમાં આરોગ્યતંત્ર વ્યસ્ત બન્યુ છે ત્યારે બીજી તરફ ઈન સર્વીસ ડૉક્ટર્સ એસોસીએશને માસ સી.એલ.નું શસ્ત્ર ઉગામ્યુ હોવાથી તંત્રની મુંઝવણમાં વધારો થયો છે.

ઈન સર્વીસ ડૉક્ટર્સ એસોસીએશન અને રાજ્યના આરોગ્ય તંત્રના અધિકારીઓ વચ્ચે વણઉકલ્યા પ્રશ્નો અંગે યોજાયેલી મંત્રણાઓ તુટી પડી હતી અને માસ સી.એલ.નો કાર્યક્રમ યથાવત્ હોવાની ઘોષણા એસોસીએશન દ્વારા કરવામાં આવી છે.

બીજી તરફ રાજ્યના આરોગ્યતંત્ર દ્વારા રાજ્યમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે આજે વિશ્વ આરોગ્ય દિવસે જ આરોગ્યસેતુ નામની યોજના લોન્ચ થવાની છે.

ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં આ અંગે રાજ્યના મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૫ પર

# બીજા તબક્કાની પંચાયતોની ચૂંટણીમાં બે લાખથી વધુ મતદારો મતાધિકાર વાપરશે

## બીજા તબક્કાની ચૂંટણીમાં તંત્ર સજ્જ; ઈવીએમ સાથે આજે પોલિંગ પાર્ટીઓ રવાના થશે : માણસા-કલોલમાં ૨૫ રૂટ નિયત કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ૮૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સહિત પેટા ચૂંટણીઓના પ્રચાર-પડધમ શાંત થઈ ગયા છે. જિલ્લામાં બે લાખથી વધુ મતદારો તેમના ગામોના નવા સુકાની માટે શનિવારે મતદાન કરશે.

જિલ્લાના ચારેય તાલુકામાં યોજાઈ રહેલી બીજા તબક્કાની પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ મતદારો કલોલ તાલુકામાં છે. આ પછી બીજા ક્રમે માણસા તાલુકો આવે છે જ્યારે ત્રીજા ક્રમે દહેગામ તાલુકો અને ચોથા ક્રમે ગાંધીનગર તાલુકો આવે છે.

ગાંધીનગર તાલુકામાં પાલજ ગામમાં માત્ર સરપંચ પદ માટેનો જંગ ખેલાઈ રહ્યો છે જ્યાં ૧૯૮૯ મતદારો નોંધાયેલા છે. દહેગામ તાલુકામાં ૬,૬૫૭ નોંધાયેલા મતદારો છે. કલોલ તાલુકામાં ૧,૧૧,૭૭૧ મતદારો અને માણસામાં ૭૬,૪૧૪ નોંધાયેલા મતદારો છે.

કલોલ તાલુકામાં પોલીંગ પાર્ટીઓ માટે ૧૫ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે. ત્યારે માણસા તાલુકામાં ૧૦ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે. બપોરે ૧૨ વાગ્યાથી પોલિંગ પાર્ટીઓ તેમના ફરજના સ્થળ પર જવા રવાના થશે અને સાંજ સુધીમાં જે તે સ્થળે પહોંચી તંત્રને તે અંગેનું રિપોર્ટીંગ કરશે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણી માટે નોંધાયેલા પુરૂષ મતદારોની સંખ્યા ૧,૦૪,૪૪૭ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૯૬,૩૭૯ છે.

આ ચૂંટણીમાં ઈવીમ મશીનનો ઉપયોગ થવાનો છે. મતદાન શરૂ થતાં પૂર્વે ચૂંટણી એજન્ટોની હાજરીમાં

● અનુસંધાન પાન-૫ પર

# ગરમીના પ્રમાણમાં એકાએક ઘટાડો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીના પ્રમાણમાં એકાએક ઘટાડો નોંધાયો છે. આજે દિવસ દરમ્યાન અન્ય દિવસોની સરખામણીમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો છતાં પણ દિવસ દરમ્યાન પંખા અને એસીનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૮.૪ અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ આજે પણ રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૯થી ઉપર રહ્યો હતો. જેમાં ગાંધીનગરમાં ૩૯.૫નો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગરમાં આજે મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ વીવીનગરમાં ૩૭.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આજે બપોરના ગાળામાં પણ લોકો સાવચેત રહ્યા હતા અને બિનજરૂરી રીતે બહાર નીકળવાનું ટાળ્યું હતું. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે.

તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે.તીવ્ર ગરમીની સીઝનમાં પાણીજન્ય રોગના કેસમાં વધુ વધારો થવાના સંકેત છે. બીજી બાજુ બપોરના ગાળામાં તીવ્ર તાપનો અનુભવ લોકો કરી રહ્યા છે. જેથી તમામ જગ્યાઓ ઉપર એસી અને પંખાનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે.

# હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશન ટર્મ એક્સટેન્શન મામલે મતદાન યોજાયુ

## ૭૮ ટકા વકીલોએ ટર્મ એક્ષ્ટેન્શન માટે ફેવરેબલ વોટીંગ કર્યુ જ્યારે ૨૨ ટકા વકીલોએ ચૂંટણી યોજવાનો મત રજૂ કર્યો

અમદાવાદ,તા.૬

ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા ગુજરાત એડવોકેટ્સ એસોસીએશન રૂલ્સ-૨૦૦૫માં સૂચવેલા સુધારા તા.૧-૪-૨૦૧૭થી અમલી બન્યા છે. જે મુજબ હાઈકોર્ટ સહિત રાજયની તમામ કોર્ટોના બાર એસોસીએશનોની ચૂંટણી ડિસેમ્બરમાં યોજવાની થાય. પરંતુ હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનની ટર્મ જૂન-૨૦૧૭માં પૂર્ણ થતી હોઈ હવે આ એસોસીએશનની ટર્મ ડિસેમ્બર સુધી એક્ષ્ટેન્ડ કરવી (લંબાવવી) કે તેની નવી ચૂંટણી યોજવી તેવો મહત્વનો પ્રશ્ન ઉભો થયો હતો. જેના નિરાકરણ માટે આજે એસોસીએશનના વકીલ સભ્યોનું ગુપ્ત મતદાન કરાવવામાં આવ્યું હતું. જેમાં ૭૮ ટકા વકીલોએ ટર્મ એક્ષ્ટેન્શન માટે ફેવરેબલ વોટીંગ કર્યું હતું. જયારે માત્ર ૨૨ ટકા વકીલોએ ચૂંટણી યોજવાનો મત રજૂ કર્યો હતો. આજના મતદાન પરથી હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનની ટર્મ એક્ષ્ટેન્શન કરવાનો માર્ગ મોકળો બન્યો હતો.

# ગાંધીનગર જિલ્લાની આશાબેનોનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૬

આરોગ્ય સેવાઓને જન જન સુધી પહોંચાડવાનું ઉમદા કામ આશાવર્કરબેનો કરી રહી છે. આજરોજ ગાંધીનગર જિલ્લા આરોગ્ય સોસાયટી દ્વારા ગાંધીનગર જિલ્લાની આશાબેનોનું આશા સંમેલનનું આયોજન ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, મહિલા-બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી ડાં. નિર્મલાબેન વાઘવાણી, જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રશસંનીય કામગીરી કરનાર આશાબેનોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી ડાં. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, આશાબેનો પોતાની ફરજ નિષ્ઠાથી બજાવીને સાથે સાથે પૂન્ય પણ કમાઈ રહી છે. તેઓશ્રીએ સેક્સ રેશિયાની વાત કરતાં જણાવ્યું હતું કે, રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો... બેટી પઢાવોનું અભિયાન શરૂ કર્યું હતું. તેમણે સ્ત્રી ભૃણહત્યા સમાજમાં બનતી અટકે અને સાથે સાથે દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તેની વાત પર ભાર મુક્યો હતો.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, બેટી બચાવો અભિયાન અને શિક્ષણ અંગેની જાગૃતિને પ્રાધાન્ય આપ્યું છે. શાળા પ્રવેશોત્સવ થકી આજે રાજયમાં ડ્રોપ આઉટ રેસિયો ઘટ્યો છે. તેમજ બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તે માટે ગુણોત્સવ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.


SAHJANAND SCHOOL OF ACHIEVER
(GUJARATI & ENGLISH MEDIUM)
K.G. TO STD: 10 (GSEB)
WWW.SCHOOLOFACHIEVER.IN
SINCE 2007
Near Essar Petrol pump, Chiloda-Himmatnagar Highway, Shiholi Moti, Chiloda, Gandhinagar
Ph. : 70 43 60 60 60

- અમારી પાસે છે શ્રેષ્ઠ અને અનુભવી શિક્ષકગણ
- અમારી પાસે છે શિક્ષણની ઊંડી સુઝ ધરાવતા અનુભવી સંચાલકો
- અમારી પાસે છે બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવી સુવિધાઓ
- અમારી પાસે છે બાળકનું ઉતમ ઘડતર કરવા માટેનો માસ્ટર પ્લાન
- અમારી પાસે છે શ્રેષ્ઠ રિઝલ્ટ થકી ગુજરાતની નંબર ૧ શાળા બનવાનું ગૌરવ
- અમારી પાસે છે હજારો વિદ્યાર્થીઓને ડોક્ટરો અને એન્જીનિયરો બનાવી એમના સપના સાકાર કરી આપવાનો સંતોષ
- અમારી પાસે છે ૬,૫૦,૦૦૦ સ્કવેર ફૂટનું ગાંધીનગર જીલ્લાનું સૌથી વિશાળ કેમ્પસ

સતત ૫ વખત બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવી આપતી એકમાત્ર સંસ્થા







ટ્રાન્સપોર્ટ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

અમે છીએ ''સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર'' પરિવાર

આવો, આપ પણ આ પરિવારના સભ્ય બની આપના બાળકના ભવિષ્ય ઘડતરમાં સહભાગી બનો.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com